CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૨૫૭
તા.૨૫-૧૦-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૪ કારતક સુદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૩ સૂર્યાસ્ત : ૦૬:૦૬

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૫.૪ | વડોદરા | ૩૫.૦ |
| અમદાવાદ | ૩૪.૭ | સુરત | ૩૪.૮ |
| ગાંધીનગર | ૩૫.૪ | નલિયા | ૩૨.૦ |

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# આશા વર્કરોને ૫૦ ટકા પગાર વધારો, ખેડૂતોને જીએસટીમાં ૧૮ ટકા માફ

## વિચાર વૈભવ...

### મોગરો

ગામના મધ્ય ભાગમાં રહેતો એક યુવાન.. ઘરે આવેલી વહુએ જોયું તો ઘરમાં વાસણો ખૂબ હતા. વપરાશ વિનાના આ વાસણો ઘરમાં ભીડ કરતાં હતા. ઘરમાં વડીલ બીજું કોઈ હતું નહીં. પતિ- પત્ની બે જ જણા. યુવાનના માતા- પિતા તેને એકલો મુકી ચાલ્યા ગયા હતા. તેથી શું મુકીને ગયા, તેની તેને ખબર નહીં. કોઠારમાં વાસણો જ વાસણો ભરેલા હતા. પત્નીને આ બધો કચરો કાઢવાનું મન થયું. રોજેરોજ તે પિતળના વાસણો પૈકી એક- બે વાસણો પિત્તળના ભાવે વેચી આવતી અને તેના પૈસાથી ઘરવખરીની ચીજો લઈ આવતી.

એમ કરતાં બધાં જ વાસણો વેચાઈ ગયા. પણ પતિએ એક લોટો પોતાની પાસે જ રાખી લીધો હતો. એ એકમાત્ર વિચારથી કે પિતાએ મુકેલી ચીજોમાંથી યાદગીરી સ્વરૂપે આ મારી પાસે રહે.

તેથી તેણે બીજે દિવસે તે લોટો બહાર કાઢ્યો. મેલો લાગતાં તે લોટાને તેણે બરાબર ઘસી ઘસીને સાફ કર્યો. સાફ કરતાંની સાથે જ તે લોટો ઝગારા મારવા લાગ્યો. યુવાને પોતાની પત્નીને તે લોટો બતાવતાં કહ્યું: 'આ લોટો જો.'

રસોઈ કરતી તેની પત્નીએ છણકો કરતાં કહ્યું: 'શું છે?' 'જો આ લોટો! કેવા ઝગારા મારે છે?' પતિએ ફરી વાત દોહરાવતા કહ્યું.

'તો હું શું કરું?' પત્નીએ માથું ઉંચું કર્યા વગર જ કહ્યું. 'તું જો તો ખરી, મારા પિતા જે વાસણો મુકી ગયા હતા અને તું જેને ભંગાર માનીને, ભીડ માનીને ખાલી કરી આવી તે વાસણો પૈકીનો આ લોટો સોનાનો છે.' પતિએ ઘટસ્ફોટ કર્યો.

'હેં' પત્નીના હાથમાંથી વેલણ નીચે સરી પડ્યું અને મુખમાંથી શબ્દો સરી પડ્યા. 'તો શું મેં આજ સુધી બધાં સોનાના વાસણો પિત્તળના ભાવે વેચી માર્યા?' 'હા' અને બંને 'ફિર પછતાયે કયા હોત' પંકિતને નહીં જાણતા પોક મુકીને રડી રહ્યા.

વળી રડતાં રડતાં તેઓ એકબીજાને કહેવા લાગ્યા.

'આ જાણ્યા વિનાનું ડહાપણ.'

'છેલ્લે ચેત્યા, તે પહેલાં ચેતવા જેવું હતું.

-પં.રાજહંસવિજયજી ગણિ

## ભાજપ સરકારની ચુંટણીલક્ષી મોટી જાહેરાતોની લ્હાણી : ટેટ પાસ શિક્ષકોને છુટ્ટા નહિ કરાય, કરાર આધારિત મહિલાઓને રજામાં વધારો, સૂક્ષ્મ સિંચાઇ યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતોને જીએસટીમાં માફી

ગાંધીનગર

ગુજરાતમાં ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે. હાલમાં ગુજરાતમાં ચૂંટણીની લડાઈ માત્ર બીજેપી અને કોંગ્રેસ વચ્ચે નથી પણ બીજા અનેક પરિબળો તેની પર અસર કરી રહ્યા છે. આ સંજોગોમાં રાજ્યની બીજેપી સરકારે પોતાની કમર કસી છે અને બહુ અંદાજે ૧૨ જેટલી બહુ મોટી જાહેરાતો કરી છે જે પ્રજાના હિતમાં છે.

રાજ્યમાં લાંબા સમયથી આશા વર્કર બહેનો વિરોધ કરી રહી છે ત્યારે તેમના પગારમાં ૫૦%નો વધારો કરવાની જાહેરાત કરીને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વાત ઠંડી પાડવાનો પ્રયાસ કર્યો છે. ૪૦ હજાર આશા વર્કર બહેનોને સરકારના નિર્ણયનો લાભ મળશે અને આ નિર્ણયના લીધે સરકારી તિજોરી પર ૫૮ કરોડનો બોજો પડશે.

રાજ્યની ગ્રામ્ય અને શહેરી વિસ્તારની આશાવર્કર બહેનોને હાલમાં મળતી પ્રોત્સાહક રકમમાં ૫૦%નો તા.૦૧/૦૪/૨૦૧૭ની અસરથી વધારો કરવામાં આવ્યો છે. જેનો રાજ્યની ૪૦,૦૦૦ કરતાં પણ વધુ આશાવર્કર બહેનોને પ્રોત્સાહક રકમમાં વધારાનો લાભ મળશે. જેના કારણે રાજ્ય સરકાર ઉપર અંદાજીત વાર્ષિક રૂ.૫૭.૧૪ કરોડનો બોજો પડશે.

રાજ્યમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આશાવર્કર બહેનો દ્વારા આરોગ્ય સેવાઓના યોગદાનના કદર રૂપે દરેક આશાવર્કર બહેનને વર્ષમાં એક વખત બે સાડી અથવા ડ્રેસ વિના મૂલ્યે આપવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જેના માટે રાજ્ય બજેટમાંથી રૂ.૫.૩૦ કરોડ અને એન.એચ.એમ.માંથી રૂ.૧.૮૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આશાવર્કર બહેનોને સરકાર દ્વારા નિયત કરેલ આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ માટે કામગીરીના આધારે પ્રોત્સાહક રકમ ચૂકવામાં આવે છે. જે અંદાજે પ્રતિમાસ રૂ.૨,૦૦૦ થી ૨,૫૦૦ જેટલી થતી હોય છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની વ્યક્તિલક્ષી કલ્યાણકારી યોજનાઓના લાભો મેળવવા માટે ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂા.૪૭,૦૦૦/- નિયત થયેલી છે જેમાં, સુધારો કરી રૂા.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારો માટે વાર્ષિક આવક મર્યાદા રૂા.૬૮,૦૦૦/-નિયત થયેલી છે. જેમાં સુધારો કરી રૂા.૧,૫૦,૦૦૦/- કરવાનો નિર્ણય સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા કરાયો છે.

આવક મર્યાદામાં આ મુજબ વધારો કરાતા, રાજ્ય સરકાર ઉપર વધારાનો અંદાજે કુલ રૂા.૫૬.૬૩ કરોડ નો બોજો પડશે અને વધારાના અંદાજે ૨.૫૦ લાભ લાભાર્થીઓને લાભ મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# આજે ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત થશે

## અગાઉ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોએ હિમાચલની સાથે ગુજરાતની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર ન થતાં હોબાળો મચાવ્યો હતો

નવી દિલ્હી

ગુજરાતમાં વિધાન સભાની ચૂંટણી માટેની તારીખોની જાહેરાત આવતી-કાલે કરવામાં આવનાર છે. અલબત્ત ચૂંટણી પંચ તરફથી આ સંદર્ભમાં કોઇ ખુલાસો કરવામાં આવ્યો નથી પરંતુ આવતીકાલે બપોરે ૧૨ વાગે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી શકે છે. હિમાચલ પ્રદેશના કાર્યક્રમની જાહેરાત ૧૨મી ઓક્ટોબરના દિવસે કરી ત્યારે ગુજરાતમાં ચૂંટણીની તારીખો જાહેર કરવામાં વિલંબને લઇને પણ વાત કરવામાં આવી હતી પરંતુ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોએ ચૂંટણી કાર્યક્રમ જાહેર ન થતાં હોબાળો મચાવ્યો હતો. ચૂંટણી પંચની કામગીરીમાં દરમિયા નગીરી કરવા બદલ કેન્દ્રની ઝાટકણી કાઢવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આચારસંહિતા અમલી બને તે પહેલા વધુ કાર્યક્રમ જાહેર કરી શકે તે માટે આમા વિલંબ કરાયો હતો.

જો કે, પંચે કહ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણી ૧૮મી ડિસેમ્બર પહેલા થશે. મતગણતરી બંને રાજ્યોમાં સાથે થશે. કોઇ અડચણ એકબીજા રાજ્યોનો થશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે ૧૨મી ઓક્ટોબરના દિવસે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની જાહેરાત કરી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. હિમાચલ પ્રદેશમાં એક જ તબક્કામાં નવમી નવેમ્બરના દિવસે મતદાન થશે અને ૧૮મી ડિસેમ્બરના દિવસે મતોની ગણતરી થશે.

### ઉમેદવારોના નામો ફાઈનલ કરી દેવાની કવાયત

# ચૂંટણીલક્ષી મુદ્દા માટે ગુજરાત કોંગ્રેસી નેતાઓ દિલ્હી પહોંચ્યા

## સ્ક્રીનીંગ-પ્રદેશ ઈલેકશન કમીટી ચર્ચા કરીને નામો નક્કી કરશે તેમજ પછી કેન્દ્રીય ચૂંટણી સમિતિ મહોર મારશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે ગુજરાત કોંગ્રેસમાં નવા પ્રાણ ફુંકાયા હોઇ અને કોંગ્રેસ તરફથી લોકજુવાળી ફરીથી ઉભો થતો જોઇ સ્થાનિક નેતાઓથી લઇ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓમાં પણ આ વખતની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ માટે સારા પરિણામોની આશા જન્મી છે ત્યારે ઉમેદવારોની પસંદગી સહિતના ચૂંટણીલક્ષી મહત્વના મુદ્દાઓની ચર્ચા વિચારણા માટે ગુજરાત કોંગ્રેસના નેતાઓ આજે ફરી એકવાર દિલ્હી પહોંચ્યા છે. સ્ક્રીનીંગ કમીટી અને પ્રદેશ ઈલેકશન કમીટી ભેગા મળી ઉમેદવારોના નામો પર ચર્ચા વિચારણા કરી આખરી ઓપ આપશે અને નામોની યાદી અંતિમ મંજૂરી માટે કેન્દ્રીય ચૂંટણી સમિતિને મોકલી આપશે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ સાથેની ચર્ચામાં ગુજરાતની વિધાન સભા ચૂંટણીની રણનીતિ પણ નક્કી કરવામાં આવશે.ગુ-જરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી અને નામો નક્કી કરવાનો મામલો દિવાળી બાદ ટળ્યો હતો, હવે દિવાળી પૂર્ણ થઇ કે, કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ અને ખાસ કરીને સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓએ ગુજરાત કોંગ્રેસના નેતાઓને દિલ્હી બોલાવી ઉમેદવારો પસંદગી સહિતના મુદ્દા પર ચૂંટણીલક્ષી મહત્વની કવાયત હાથ ધરી છે. દિલ્હીથી તેડું આવતાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના સ્થાનિક નેતાઓ દિલ્હી પહોંચ્યા હતા અને સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓ સાથે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પર ઉમેદવારોના નામોની પસંદગી મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરાઇ હતી.

# બેંકોમાં ૨.૧૧ લાખ કરોડ રૂપિયા ઠાલવવાનો નિર્ણય

## કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં પેકેજને મંજુરી

નવી દિલ્હી

નાણામંત્રી અરુણ જેટલીએ આજે જાહેરાત કરી હતી કે, પીએસયુ બેંકોમાં ૨.૧૧ લાખ કરોડ રૂપિયા ઠાલવવામાં આવશે. વિકાસને વધારવા, બેંકોની સ્થિતિને મજબૂત કરવા અને નોકરીની વધુ તકો ઉભી કરવાના હેતુસર જાહેર ક્ષેત્રની બેંકોમાં જંગી નાણા ઠાલવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પીએસયુ બેંકોમાં નાણા ઠાલવીને તેમની સ્થિતિ મજબૂત કરવામાં આવનાર છે. જેટલીએ આ અંગેની માહિતી આપતા કહ્યું હતું કે, ૧૩૫૦૦ કરોડ રૂપિયા ફ્રન્ટ લોડેડ રિકેપિટાલાઈઝેશન બોન્ડના સ્વરુપમાં આપવામાં આવશે જ્યારે બાકીની ૭૬૦૦૦ કરોડ રૂપિયાની રકમ બજેટ સપોર્ટ અથવા અંદાજપત્રીય ટેકાના સ્વરુપમાં આપવામાં આવશે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, વધુ બેંકિંગ સુધારાઓની પણ ટૂંક સમયમાં જ જાહેરાત કરવામાં આવનાર છે. કઠોર આર્થિક નિર્ણયોના પરિણામ સ્વરુપે બેંકોની વાસ્તવિક સ્થિતિ અંગે પણ માહિતી મળી છે. લાંબા ગાળાથી કાર્પેટ હેઠળ રહેલા રિયલ અથવા તો વાસ્તવિક એનપીએના આંકડા અંગે હવે ચિત્ર સપાટી ઉપર આવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, અમે માનીએ છીએ કે, પીએસયુ બેંકો પાસે પુરતા પ્રમાણમાં ધિરાણની સુવિધા છે. ૨૦૦૮થી ૨૦૧૪ના ગાળામાં એનપીએની સમસ્યા ખુબ

## ૭ લાખ કરોડના મેગા હાઈવે પ્લાનને અંતે મળેલી બહાલી

નવી દિલ્હી

ભારતમાલાના પ્રથમ ચરણને કેન્દ્રીય કેબિનેટે લીલીઝંડી આપી દીધી છે. દેશના હજુ સુધીના સૌથી મોટા હાઈવે પ્લાન હેઠળ આગામી પાંચ વર્ષના ગાળા દરમિયાન આશરે ૮૩૦૦૦ કિમીથી વધારેથી લાંબા હાઈવેનું નિર્માણ કરવામાં આવશે. પ્રોજેક્ટ હેઠળ પ્રથમ તબક્કામાં ૨૪૮૦૦ કિલોમીટરનો નેશનલ હાઈવેનું નિર્માણ કરવામાં આવશે. પ્રોજેક્ટ માટે આગામી ત્રણથી છ મહિનામાં બોલી લગાવવામાં આવશે

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુ:ખાવો • યાદશક્તી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર • સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

Soil Care Advisory Services
Protecting Soil and Making Farming Profitable
જમીનની ઓછી થતી ફળદ્રુપતાની પરિસ્થિતિમાં પર્યાવરણ અને માટીની સુરક્ષા સાથે ઉન્નત ખેતી કરવી એક જટિલ સમસ્યા છે. આ વિષયમાં મફત વધુ જાણકારી તેમજ નિદર્શન માટે ૯૪૨૬૪૭૮૪૭૯ નંબર પર ફોન, વ્હોટ્સઅપ અથવા soilcareadvisory@gmail.com પર સંપર્ક કરો










CMYK